સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

મોદી સૂનામીમાં બધા કૉંગી નેતા તણાઈ ગયા
રહ્યા ગણ્યા-ગાંઠ્યા, એ આંગણી વેઢે ગણાઈ ગયા.
ચણાઈ ગયા સમાધિમાં, રહ્યું ના નામનિશાન -
મળતા નથી હોદ્દેદારો 'ગરીબ' ગણાઈ ગયા !

હાઈકુ

ખૂંપી ગયા છે
ઊંડા આઘાતમાં સૌ -
કોઈ તો કાઢો!
(રંક નેતૃત્વ)

તારણહાર !?
મંડાઈ મીટ સૌની -
પ્રિયંકા વાડ્રા ?!

ચિંતન

આત્માર્થ જીવલોકેઽસ્મિન કો ન જીવતિ માનવઃ ।
પરં પરોપકારાર્થં યો જીવતિ સ જીવતિ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આ જગતમાં પોતાના માટે કયો માણસ જીવતો નથી? પરંતુ પરોપકાર માટે જે જીવે છે, તેનું જ જીવ્યું સાચું જીવ્યું ગણાય.

આ સંસારમાં ખાધું-પીધું ને મોજ-મજા કરી, રોગ થયો, દવાખાનામાં પૈસા નાખ્યા અને મરી ગયા - આવો જીવનક્રમ ઘણા જીવી જાય છે.

પરંતુ દીન-દુઃખીઓ, મૂંગાં પશુપંખી અને પરોપકારના કાર્યો કરતે કરતે જે મૃત્યુ પામે તે મનુષ્યો જ સાચું જીવન જીવ્યા છે એમ કહી શકાય.

સુવિચાર

- મરી ન જાય ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને 'નિષ્ફળ'નું લેબલ ન મારો - **પોલ ઓલ્સ્ટર**
- એ જ માણસ નિરાશ થાય છે, જેની પાસે આશા હોય છે - **રાજુ અંધારિયા**
- નિરંતર સાવધાન રહે એનું નામ જ સાધું - **મોરારિ બાપુ**
- આપણા સંશયો આપણા હરિને આપણાથી દૂર રાખે છે - **પૂજ્ય મોટા**
- મારી અંદર ભગવાન બેઠો છે એ કલ્પના ને લીધે આત્મગૌરવ નિર્માણ થાય છે, એવી રીતે બધાની અંદર બગવાન બેઠો છે એ કલ્પનાથી મનુષ્યગૌરવ નિર્માણ થાય છે - **પાંડુરંગ શાસ્ત્રી**
- ઉપકાર કરવો એ શ્રેષ્ઠ ધર્મ છે, નિપુર્ણતાપૂર્વક કામ કરવું તે શ્રેષ્ઠ લાભ છે, યોગ્યપાત્ર ને દાન આપવું એ શ્રેષ્ઠ કામ છે, સર્વ તૃષ્ણાઓ છોડી દેવી તે શ્રેષ્ઠ મોક્ષ છે - **સંસ્કૃત સુભાષિત**
- આજનું ઔષધ : છાશમાં વાવડિંગનું ચૂર્ણ મેળવીને આપવાથી નાના બાળકોના પેટમાં રહેલા કીડા મરી જાય છે અને મળ સાથે નીકળી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રાજા નદી કિનારે એકલા ટહેલવા નીકળ્યા હતા. તેઓ પ્રજા વત્સલ અને ભલા હતા. સાંજ પડવા આવી હતી. મહેલેમાં પાછા ફરતા હતા એવામાં સૈનિક પોતાની તરફ દોડતો આવ્યો અને સંદેશો આપ્યો. કે કોઈ અગત્યના કામ માટે રાજપુરોહિત તેમને મળવા માટે રાહ જોવે છે. જલ્દી જવું પડે તેવી વાત થઈ. એવામાં પાછળથી એક અવાજ આવ્યો. 'મહારાજ, કંઈક મદદ કરજો. ઘરડો છું, કંઈક આપો તો ઈશ્વર આપનું ભલું કરશે.' ભિક્ષુકનો અવાજ સાંભળીને રાજાના પગ થંભી ગયા. પાછળ જોયું તો એક અતિવૃદ્ધ ભિક્ષુક બે હાથ ફેલાવી યાચના કરી રહ્યો હતો. ધીરે ધીરે લાકડીના ટેકે તે રાજા તરફ ચાલતો આવતો જોઈ રાજા ખુદ ઉતાવળ હોવાને કારણે દોડીને એની નજીક ગયા અને ખિસ્સામાં હાથ નાખ્યો. ખિસ્સામાંથી જે સિક્કો મળ્યો તે જોયા વગર આપ્યો અને ઉતાવળે સિપાઈ સાથે ચાલવા લાગ્યા. એવામાં ફરીથી વૃદ્ધ ભિક્ષુકનો સંભળાયો. 'અરે, રાજન! જરાક વાર થોભજો.' રાજા પાછા વળ્યા અને પૂછ્યું, 'હવે શું છે ભાઈ?' ભિક્ષુકે કહ્યું, 'આપે ભૂલથી ઉતાવળમાં નાની રકમના સિક્કાની બદલે સોનાની એક ગીની આપી દીધી છે. તો એ પાછી લઈને મને નાની રકમનો સિક્કો આપજો.' રાજાએ સોનાની ગીની પાછી લેવાનો ઈનકાર કર્યો અને વળી ખિસ્સામાંથી બીજી સોનાની ગીની કાઢી અને ભિક્ષુકને આપતા કહ્યું, 'પહેલી દાન રૂપે હતી અને આ તમારી ઈમાનદારી માટે.'

પાકિસ્તાનની પનોતી બેઠી છે

તંત્રીસ્થાનેથી...

ભારત દ્વારા વિશ્વ સ્તરે સતત થતી રહેલી રજૂઆતની અસર થતાં હવે પાકિસ્તાનના માથે આફતના ઓળા ઊતરે એવી શક્યતા સરજાઈ છે. છેલ્લાં ઘણાં વર્ષોથી પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદીઓના માધ્યમથી પ્રોક્સી યુદ્ધ લડતું રહ્યું છે. પાડોશીઓ બદલી શકાતા નથી નહીંતર પાકિસ્તાન જેવા નાપાક દેશની પાડોશમાં રહેવાનં કે એને પાડોશમાં રાખવાનું દુનિયાનો કોઈ પણ દેષ પસંદ ન જ કરે. પાકિસ્તાન એના જન્મકાળથી જ એની પિતૃભૂમિ હિંદુસ્તાન વિરુદ્ધ વેરભાવથી જ વર્તતું રહ્યું છે. એના માટે કાશ્મીરનો અમુક હિસ્સો તો કબાઈલીઓના ઓઠા હેઠળ હુમલો કરીને વિભાજનકાળ દરમિયાન જ પચાવી પાડ્યો છે. પરંતુ શ્રીનગર સહિતના ખીણ વિસ્તાર પર એનો ડોળો મંડાયેલો રહે છે એ મેળવવા આ નાપાક પાડોશીએ ભારત વિરુદ્ધ ઘણા ધમપછાડા કર્યા છે - યુનોમાં રજૂઆતો કરી છે. યુદ્ધ કર્યાં છે. પરંતુ કયાંક એની કારી ફાવી નથી. એણે યુદ્ધમાં તો સતત પછડાટ જ ખાધી છે. ૧૯૭૧ માં ઈંદિરા ગાંધીના શાસનકાળ દરમિયાન પાકિસ્તાનને એની આખેઆખી પૂર્વ પાંખ ગુમાવવી પડી હતી જે હવે બાંગ્લાદેશ નામે ઓળખાય છે. એનું વેર વાળવા પાકિસ્તાને કાશ્મીરમાં અને દેશના અન્ય વિસ્તારોમાં આતંકવાદીઓ ઘુસાડી ભારતને હેરાન પરેશાન કરવાની નીતિ અપનાવી છે. પાકિસ્તાનની કહેવાતી લોકપ્રિય કે ચૂંટાયેલી સરકારો આ આતંકવાદી પ્રવૃત્તિ સાથે પોતાને કશી લેવાદેવા નહીં હોવાનું ગાણું ગાતી રહી છે. પરંતુ સૌ જાણે છે કે અમેરિકાના ટ્વિન ટાવર્સને ધ્વસ્ત કરનાર ખૂંખાર આતંકવાદી ઓસામા બિન લાદેનથી લઈ મુંબઈ બ્લાસ્ટનો ગુનેગાર - નંબર વન દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં જ અમનચમન કરતા રહ્યા છે અને પાક આર્મી તથા કુખ્યાત આઈએસઆઈના રક્ષણ હેઠળ દુનિયાભરમાં એમનો આતંકી કારોબાર તથા ડ્રગનો ધંધો ચલાવતા રહ્યા છે. ઓસામાને રાતોરાત આર્મીના જ કેમ્પસમાંથી ઉઠાવી જઈ અમેરિકાએ સાબિત કરી દીધું કે પાકિસ્તાન બદમાશ દેશ છે જે આતંકીઓને સતત રક્ષણ અને પ્રોત્સાહન આપે છે. વળી પાક પાસે પરમાણું શસ્ત્રોનો મસમોટો ભંડાર છે જે આતંકવાદીઓના કબજામાં આવી જાય તો દુનિયાભરમાં બિન ઈસ્લામિક દેશો અને પાડોશી ઈસ્લામિક રાષ્ટ્ર અફઘાનિસ્તાનમાં હાહાકાર મચી જશે. આથી વારંવાર અમેરિકા સહિતના દેશોએ અને સંયુક્ત રાષ્ટ્રોના સંગઠને પાકિસ્તાનને ત્રાસવાદીઓને મળતાં નાણાં અટકાવવા તાકીદ કરી છે. જો કે પાકિસ્તાન એનો સાનુકૂળ પ્રતિસાદ નથી પાઠવી શક્યું અને નિશ્ચિત કરેલ સમયગાળામાં આતંકવાદીઓને મળતાં નાણાંકીય સ્ત્રોતો પર પ્રતિબંધ નથી લગાવી શક્યું એથી વિશ્વની આતંકવાદી પ્રવૃત્તિના વૉચડોગ તરીકે કાર્યરત 'ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ' (એફએએફટી) દ્વારા એને ગ્રે લિસ્માંથી બ્લેક લિસ્ટમાં મૂકી દેવાની ચેતવણી અપાઈ છે. ગ્રે લિસ્ટમાં હોવું એ પણ ઓછી બદનામી નથી. પાકિસ્તાન છેલ્લી બે વખતની ડેડલાઈન ઓળંગી ચૂક્યું છે અને હવે એને ઓકટોબર સુધીમાં આ લક્ષ્યાંક પાર પાડવાની કડક તાકીદ કરાઈ છે. અનેક દેશોએ પાકિસ્તાનને અપાતી આર્થિક સહાય પર પ્રતિબંધ લાદી દીધા છે. ક્રિકેટરમાંથી વડાપ્રધાન બનેલા ઈમરાનખાન માટે પાકિસ્તાનને આ કટોકટીમાંથી બહાર આણવીનું કામ ઘણું અઘરું છે. પાક આર્મી અને આઈએસઆઈની આડોડાઈને કારણે દુનિયાભરમાં હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા ખૂંખાર ત્રાસવાદીઓને મળતા નાણાંનો પ્રવાહ રોકી શકાયેલ નથી, જેને કારણે પાકિસ્તાનને કુદરતી મિત્ર દેશ માની હરહંમેશ એની પડખે ઊભું રહેનાર ચીન પણ ખસિયાણું પડી ગયું છે.

મિલ્કત ઉપર કબજો કરનાર તેનો માલિકના હોઈ શકે : સુપ્રિમ કોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

આપણા દેશમાં વાવે તેની જમીન તે કહેવત ઘણી જુની છે તથા કબજો બળવાન છે તે યુક્તિ સીવીલ કેસોમાં ઘણીવાર સાંભળવા મળે છે. ભાડુઆત જો લાંબો સમય સુધી રહે તો મીલ્કત ઉપર ભાડુઆતનો કબજો કહેવાય છે ઘણા લાંબા સમયથી રહેતો ભાડુઆત મકાન કે મીલ્કત ઉપર કબજો કરી લે છે.

પરંતુ તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે મીલ્કત ઉપર કબજો કરનાર લોકો તેના માલીક બની જતા નથી. કોઈપણ સંમી ઉપર ગેરકાયદેસર રીતે કબજો કરવાવાળા વ્યક્તિતે સંમી કે મીલ્કતના માલીક નથી બની જતા. એ જમીનના માલીક એવા વ્યક્તિને બળજબરી પૂર્વક દુર કરી શકે છે પછી તેનો કબજો ભલેને ૧૨ વર્ષથી વધુ સમયનો કેમ ના હોય. સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે એવો કબજો ધરાવનારને દૂર કરવા માટેની કોર્ટની કાર્યવાહી કરવાની પણ જરૂર નથી. કોર્ટ કાર્યવાહીની ત્યારે જરૂર પડે જયારે કારણવગર કબજો ધરાવવાવાળા પાસે સંમી ઉપર કાયદેસરનો કબજો હોય જે તેને તે કબજાની એવી રીતે સુરક્ષા કરવાનો અધિકાર આપે છે જાણે કે તે ખરેખર માલીક હોય.

એક ચુકાદામાં જસ્ટીસ એન. વી. રમણા અને એમ.એમ. શાંતનાગોડએ જણાવ્યું કે કોઈ વ્યક્તિ જયારે કબજાની વાત કરે છે તો તેને સંમી ઉપર કબજા ટાઈટલ દેખાડવું પડશે અને સાબીત કરવું પડશે કે તેનો સંમી ઉપર કાયદેસરનો કબજો છે પરંતુ ગેરકાયદેસરનો કબજો કયારેક છોડી દેવો કયારેક કબજો કરી લેવો કે દૂરથી પોતાના કબજામાં રાખવું એવા વ્યક્તિને સાચા માલીક વિરૂધ્ધ અધિકાર આપતો નથી. કાયદેસરના કબજાનો અર્થ એવો થાય છે કે એવો કબજો જે કાયમી રીતે લાંબા સમયથી હોય અને આ કબજા ઉપર સાચા માલીકે શાંતી રાખી બેઠો હોય પરંતુ કામચલાઉ કબજો સાચા માલીકને કબજો લેવામાં અટકાવી શકતી નથી. સંમી ઉપર કયારે કયારે કબજો કરી લેવો કે તેમાં પ્રવેશી જવું જે કાયમી કબજામાં ગણવામાં આવતું નથી અને સાચા માલીક દ્વારા દૂર કરી શકાય છે અને ત્યાં સુધી કે તે જરૂરી બળનો પણ ઉપયોગ કરી શકે છે કોર્ટ કહ્યું કે આ સમય મર્યાદાની અસર કાયમી કબજામાં જ લાગુ પડે છે અને કામચલાઉ કબજાની બાબતમાં લાગુ પડે નહી.

એક વ્યક્તિએ જમીનદાર પાસેથી ૧૯૬૬ માં થોડી સંમી ખરીદી હતી તે સ્થળની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ સંમીનો કબજો બીજા પાસે છે. કબજા ધારક કોઈ દસ્તાવેજ ના દેખાડી શક્યા અને ટ્રાયલ કોર્ટે સંમી ઉપર મકાન બનાવવા માટે પાસ કરવામાં આવેલા નકશાના આધારે કબજેદારને ૧૯૭૨માં કબજામાંથી દૂર કરવાનો આદેશ કર્યો તેથી કબજા ધારક હાઈકોર્ટમાં ગયો અને રાજસ્થાન હાઈકોર્ટે નિર્ણય બદલી લીધો તેની વિરૂધ્ધમાં મીલ્કતનો મુળ માલીક સુપ્રિમ કોર્ટમાં ગયો સુપ્રિમ કોર્ટે મુળ માલીકને સંમી પરત આપી રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો રદબાતલ ઠરાવી ટ્રાયલ કોર્ટના હુકમનો ચુકાદો કાયમી માન્યો.

પહેલા લોકો જમીન, મકાન, દુકાન ભાડે આપતા અચકાતા હતા હવે ૧૧ મહિનાનો લીવ એન્ડ લાયસન્સનો કરાર કરી મીલ્કત ભાડે આપે છે કરાર પુરો થતા ભાડુઆત કબજો મુળ માલીકને ના સોંપે તો મકાન કે મીલ્કત માલીક ભાડુઆત સામે કબજો પરત મેળવવાનો કાયદેસરનો દાવો ટ્રાયલ કોર્ટમાં કરી શકે છે. ટ્રાયલ કોર્ટ કાયદેસરની મકાન માલીકની કબજો પરત મેળવવાની દાદ મંજુર કરી ભાડુઆતને મીલ્કતમાંથી હટાવી શકે છે. જુના જમાના ગયા કે કબજો તે માલીકની કહેવત અનુસાર જેનો કબજો તે માલીક હવે બનશે નહી તથા કબજો બળવાનની યુક્તિ પણ હવે ઠરાવી શકાશે નહી. ગેરકાયદેસરના કબજાને કાયદા દ્વારા માન્ય કરાવી શકાય નહી તે ગમે ત્યારે મકાન માલીક ખાલી કરાવી શકે છે તેમજ જો કોઈ કરાર કે લખાણ વગર ગેરકાયદેસર રીતે કબજો ધારણ કરતો હોય તો તેની સાથે કાયદેસરની કાર્યવાહી પણ કરવાની જરૂર નથી અને મીલ્કતનો માલીક કબજો પરત લઈ શકે છે મીલ્કત ઉપર ગેરકાયદેસરરીતે કબજો કરનાર તેનો માલીક ના હોઈ શકે તેવું તાજેરતમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે.

અધૂરી ઈચ્છાઓ કાગળ પર સભા ભરે, ત્યારે કવિતા સર્જાય...!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

સેંકડો ઝરણાં, એક એક કરી ભેગા મળે
ત્યારે સરિતા સર્જાય...!
અધૂરી ઈચ્છાઓ કાગળ પર સભા ભરે
ત્યારે કવિતા સર્જાય...!
રંગમંચ પર જીવનના અનેક પ્રસંગો શબ્દો અને હાવભાવની માળા રચે
ત્યારે સર્જાય નાટક...!

નાટક હોય કે ફિલ્મ એ તમામ આપણી જિંદગીમાં બનતી અવનવી ઘટનાો પરથી જ પ્રેરિત હોય છે. આજકાલની ફિલ્મોમાં ધૂમ ખર્ચ કરીને ફોરેન લોકેશનમાં શૂટિંગ કરવામાં આવે છે. ઘણીવાર આ પ્રકારની ફિલ્મો જોઈને તે હકીકતથી ખાસ્સી દૂર હોય તેમ જણાય છે. અમુક ફિલ્મોમાં અસલ જિંદગીની જેમ જ આપણી જિંદગીમાં ચાલી રહેલા પ્રશ્નો દર્શાવાય છે અને તે પ્રકારની ફિલ્મો વાસ્તવિકતાથી નજીક હોય છે. પણ વાત જયારે નાટકની કરીએ તો પરિસ્થિતિ તદ્દન જુદી જણાય છે. રૂબરૂ પ્રેક્ષકોની સામે જ ભજવાતા નાટકમાં પ્રેક્ષકો અને કલાકાર વચ્ચે સીધો સંપર્ક જળવાતો હોય તેમ જણાય છે. નાટકના અનેક પ્રકારો છે. નાટકનો એક સુવર્ણકાળ પણ રહ્યો છે. આજે પણ નાટક જોવા અને માણનારો એક આખો વર્ગ છે. કોઈએ ખરું કહ્યું છે કે,

''નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે અને તે ભજવનાર બહુ જ હોશિયાર હોય છે!!''

ગુજરાતી નાટક, તેમાં ભજવાતા પાત્રો, તેની રજૂઆત આ તમામમાં સમય જતાં ખુબ સુંદર ફેરફારો થયા છે. નાટક જોનારો એક ખાસ વર્ગ સમયની વ્યસ્તતા કે નાટકના ગણતરીના શૉઝ હોવા છતાં નાટકને માણે છે. એક કલકારા માટે પ્રેક્ષક કે દર્શન કે કદરદાન તેના વળતરરૂપે મળતા વેતન કરતાં પણ વધુ મહત્ત્વના હોય છે. નાટકના કલાકારના મનના ભાવ કંઈક આ પ્રકારના હોય છે :

''નાટક પૂરું થયું''
તાળીઓનો ગડગડાટ થયો.
ધીરે ધીરે પડદો પડી ગયો છે.
જે પ્રશ્નો સાથે લોહીનો સંબંધ લાગતો હતો તે અચાનક
ધીમે ધીમે ઓડીટોરિયમ છોડીને જઈ રહ્યા છે...
કોણ જાણે કેમ, પણ એ મને ગમતું નથી.
બેક સ્ટેજના માણસો ઉતાવળે બધું સમેટવા
લાગે, અને સેટવાળાના માણસો સેટને હટાવા લાગે...
આ દશ્ય મને ભૂકંપ થયા પછીના
ઉજ્જડ નગર જેવું ભાસે છે..
બધા કલાકારો એકબીજાને જાણે ઓળખતા જ
ના હોય એમ એક પછી એક ઉતાવળે સ્ટેજની
બહાર નીકળી જાય છે...
ત્યારે મને માણસ ખૂબ જ સ્વાર્થી લાગે છે.
ગ્રીન રૂમમાં જઈને હું પણ મારા હાવભાવ ઉતારી નાખું છું.
અને પછી હું યે... બહાર નીકળી જાઉં છું.
જે વિસ્તાર નાટક પહેલા ભરેલો અને ખીચોખીચ હતો
તે હવે તદ્દન નિર્જન ટાપુ જેવો લાગે છે.
કોઈ દેખાતું નથી.
હું આગળ ચાલવા માંડુ છું
એક રિક્ષાવાળો પાછળથી બૂમ પાડે છે
'કહાં જાના હૈ ?' અને હું અચાનક એને કહું છું
'જિંદગી તરફ'
એ હસીને એની રિક્ષા હંકારી મુકે છે.
હવે આ સાચું હતું કે નાટકમાં બોલાતો
સંવાદ હતો એ ખબર નથી...
પણ મને એ નાટકમાં બોલાતા 'ઉછીના સંવાદો'
મારા પોતાના લાગતા હતા.
હવે આ દુનિયા સાચી કે નાટકની ?
એ ખબર નથી.
પણ હું ચાલ્યા કરું છું...
મારી નાનકડી કોસ્ચ્યુમની બેગ લઈને ખબર નથી
શું કામ.
કદાચ જિંદગીની શોધમાં
કદાચ નાટકની શોધમાં.'

અમદાવાદમાં અત્યારે એક સુંદર મજાનું નાટક ધૂમ મચાવી રહ્યું છે જેનું નામ છે 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ પાડાની પોળ!' સૌમ્ય જોષી એ ગુજરાતી નાટકનું એક મોંઘામોલું આભૂષણ છે અને તેમના દ્વારા જ લખાયેલું, અને તેમનાં જ દિગ્દર્શન અને સંગીતબદ્ધ થયેલું આ નાટક પોળની એક ડોશીના સ્ટેટ્સ જવાના સપનાની આસપાસ ગૂંથાયેલું છે. આ નાટકની વિશેષતા એ છે કે કોઈ મોટા સેટ્સ, કોસ્ચ્યુમ્સ (વેષભૂષા) વગર સાવ સાદી-સીધી અને સરળ રજૂઆત છતાં આ નાટક ગુણવત્તાની સર્વોચ્ચ શિખરનો અહેસાસ કરાવતું દીસે છે. પોળનું ઐક્ય, ડોશીનો ટીપીકલ અમદાવાદી લહેકો અને પ્રત્યેક કલાકારનું ૧૦૦% એક્સપ્રેસીવ પ્રસ્તુતિ નાટકની શોભામાં ચાર ચાંદ લગાવી દે છે, અને નાટકમાં જે ડોશીનું કિરદાર નિભાવી રહી છે તે જિજ્ઞા વ્યાસની અભિવ્યક્તિના તો તમે પ્રેમમાં ન પડો તો નવાઈ ! ડોશીની બે-ત્રણ વાતો જેમ કે 'જમતી વખતે મોબાઈલ અડે તો નિરમા પાવડરથી પીરસેલી થાળી ઘસી કાઢવી ! બે દિવસ સતત આવું કરો એટલે ત્રીજે દિવસે આપોઆપ મોબાઈલ બાજુમાં મૂકાઈ જ જાય!' ઉંમરથી વૃદ્ધ પણ હિંમત, તાકાત, મનોબળ અને યુવાન એવી આપણી આ ડોશી કહે છે કે, 'જમતી વખતે બીજો કોઈ વિચાર મનમાં ના હોવો જોઈએ, ખાલી એટલું જ હોવું જોઈએ કે દુનિયા જાય તેલ પીવા મારે હવે ખાવું છે !' જિજ્ઞા વ્યાસ જેવી સુંદર યુવાન અભિનેત્રી જીન્સ, કુર્તીમાં ડોશીનો અભિનય કરે ત્યારે માત્ર અને માત્ર તેના ચહેરાના હાવભાવથી તમે તેનામાં ડોશીને જોઈ, અનુભવી અને સાંભળી શકો. મૌસમ, મલ્કાનો સુંદર કંઠ, પ્રેમ ગઢવી (૧૦૨ નોટ આઉટ ફેઈમ) ની વૈવિધ્યસભર રજૂઆત અને માત્ર એક જ કલાકમાં હસાવી હસાવીને લોથપોથ કરી દેનારા આ નાટકને જો સમય અને અનુકૂળતા હોય તો જોવાનું ચૂકશો નહિ ! Bool my Show પરથી તેની વિગતો તમે આસાનીથી મેળવી શકો છો ! પ્રેમ ગઢવી તેમજ જિજ્ઞા વ્યાસ નાટકમાં એકથી વધુ પાત્રોના ડાયલોગ્સ પ્રસ્તુત કરે તેમ છતાં ખૂબ જ સરળતાથી તમે દરેકે દરેક પાત્રને અલગ અલગ રીતે માણી શકો એ કલાકારની આવડત જ ગણાય; જિગર શાહ, વિપુલ દેસાઈ, જયદી, અંકિત દેસાઈ, નિશીથ, પ્રદીપ, રોકન, અંક્તિ, હેત અને આદિત્ય આ સૌ સાથે મળીને પોળનું આખુંયે વાતાવરણ ઊભું કરી મૂકે છે. અમુક સંવેદનશીલ વન લાઈનર અચાનક આવીને પાંપણ ભીંજવી જાય છે! આજના આ પ્રેક્ટીકલ યુગમાં ઈમોશનલથી ભરપૂર આ નાટક જોવાનું ચૂકતા નહિ !

Last Seen :
વારતા સમજી અમે થોડુંક મલકાતાં રહ્યાં,
ને અહીં નાટકની માફક અંક બદલાતાં રહ્યાં.

- ડૉ. મુકેશ જોષી
nehalgadhavi101@gmail.com

સરદારને કહ્યાગરા નહીં, રાષ્ટ્રીય હિતોની રક્ષા કાજે સાચાબોલા અને આખાબોલા બ્યૂરોક્રેટ્સ ખપતા

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

હમણાં કેન્દ્ર સરકારે સરદાર વલ્લભભાઈ પટેલે રચેલા અખિલ ભારતીય સનદી સેવાના માળખામાં આમૂલ પરિવર્તન આણીને ખાનગી ક્ષેત્રના નિષ્ણાતોને સીધાજ કેન્દ્ર સરકારમાં વિવિધ વિભાગોના સંયુક્ત સચિવના હોદ્દે નિયુક્ત કરવા અને અનામત પ્રથાને બિનપ્રભાવી કરી દેવા તેમજ અમુક ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ અધિકારીઓને નિવૃત્ત કરી દેવાની જે ઝુંબેશ આદરી છે એણે નવા વિવાદના ફણગા ફૂટે એવો માહોલ સર્જ્યો છે. બ્યૂરોક્રસીના સંદર્ભમાં પણ સરદાર પટેલને અભિપ્રેત નોકરશાહોની પરંપરાને સમજવી યોગ્ય લેખાય કારણ ભારતીય પ્રશાસનિક સેવા (આઈએસએસ) અને ભારતીય પોલીસ સેવા (આઈપીએસ)ના ઘડવૈયા તરીકે સરદાર સાહેબનો મત વધુ પ્રમાણભૂત લેખાય. બ્રિટિશ ભારતમાં ઈન્ડિયન સિવિલ સર્વિસ (આઈસીએસ)માં અંગ્રેજ અને ભારતીય અધિકારીઓ હતા. બ્રિટિશ પોલીસ સેવામાં ઈન્ડિયન પોલીસ (આઈપી)ની જોગવાઈ હતી. સરદાર પટેલે ઑક્ટોબર ૧૯૪૬માં પ્રાંતોના મુખ્યમંત્રીઓ એટલે કે એ વેળાના પ્રાઈમ મિનિસ્ટરોની પરિષદ બોલાવી હતી અને વિદાય લેતા બ્રિટિશ અધિકારીઓથી સર્જાનારો વહીવટીતંત્રમાંનો ખાલીપો ભરવા માટે ભારતીય પ્રશાસનિક સેવા અને ભારતીય પોલીસ સેવાની રચનાની ચર્ચાવિચારણા આરંભી દીધી હતી. અત્રે એ યાદ રહે કે બ્રિટિશ ભારતમાં ફેડરલ પબ્લિક સર્વિસ કમિશન સનદી અધિકારીઓની પસંદગીની જવાબદારી નિભાવતું હતું. અત્યારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (સંઘ લોક સેવા આયોગ-યુપીએસસી)ને શિરે આ જવાબદારી છે. વળી સરદાર સાહેબે જ્યારે પ્રશાસનિક અને પોલીસ સેવા અંગે વિચારવાનું શરૂ કર્યું, ત્યાં લગી હજુ ભારતમાં વચગાળાની કૉંગ્રેસ-મુસ્લિમ લીગની સરકાર હતી. ભારતનું વિભાજન થતાં બ્રિટિશ અધિકારીઓ તો ગયા, પણ મુસ્લિમ અધિકારીઓમાંના મોટાભાગના પાકિસ્તાન ભેગા થયા હતા.

ભારત સરકારમાં ગૃહમંત્રી તરીકે બંધારણ સભાના માધ્યમથી સરદાર વલ્લભભાઈ પટેલે સેવારત અધિકારીઓને બે શ્રેણીમાં બંધારણીય સલામતી બક્ષવાનું ઉચિત લેખ્યું હતું: (૧) બ્રિટિશ સરકારના જે આઈસીએસ કે આઈપી અધિકારી સત્તાંતર પછી ભારત સરકારમાં કાર્યરત રહે તેમના અધિકારો સંદર્ભે મધ્યસ્થ સરકાર સલામતીની ખાતરી આપે. (૨) સત્તાના હસ્તાંતરણ પછી ભારત સરકાર બે નવી સેવા શરૂ કરે: ઈન્ડિયન ઍડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ). પ્રાંતિક સરકારોના સર્વાનુમત સમર્થન સાથે આ બે ભારતીય સેવાઓની રચના કરવામાં આવી.

- **કાર્યક્ષમ અખિલ ભારતીય સેવા માટે વલ્લભભાઈની સલાહ હતી કે તેમને મુક્તપણે મોઢું ખોલવા દેવું પડશે**
- **ભ્રષ્ટ અધિકારીઓની રુખસદને આવકાર, પણ કાર્યક્ષમ અને નિયમ પાલકોની કનડગત તેમનું મનોબળ તોડે**
- **સરદાર પટેલની શીખથી વિપરીત શાસકોને પોતાને અનુકૂળ ના હોય એ મત સાંભળવાનું ઝાગું ફાવતું નથી**
- **શાસકો- નોકરશાહોના મેળાપીપણાથી એકમેકના હિતની જાળવણી માટે દેશની લૂંટ અને ભ્રષ્ટાચારે માઝા મૂકી**

સરદાર સાહેબ ઉકળી ઊઠ્યા

સરદાર પટેલે આ સેવાઓમાં કાર્યરત અધિકારીઓનો વિશ્વાસ જીતવા માટે તેમને બંધારણીય ખાતરીઓ અને સુરક્ષા બક્ષવાનું યોગ્ય લેખ્યું હતું. બંધારણસભામાં પણ ભારતીય સેવાઓ વિશે ખૂબ જ વિગતે ચર્ચા થઈ અને ક્યારેક તો સરદાર સાહેબ ઉકળી ઊઠે એટલી ટીકાટિપ્પણો થઈ ત્યારે ક્યારેક બ્રિટિશ હકૂમત હેઠળના આઈસીએએસ કે આઈપી અધિકારીઓ કૉંગ્રેસી નેતા અને કાર્યકરોને જેલમાં ઠૂંસી દેતા હતા, પરંતુ આઝાદી પછી આપણા દેશની સેવામાં સામેલ અધિકારીઓની રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રનિષ્ઠા વિશે શંકા વ્યક્ત કરવાનું અસ્થાને હોવાનું જણાવીને વ્યગ્રભાવે કહ્યું કે રાષ્ટ્રનિર્માણમાં સંબંધિત અધિકારીઓનો સહકાર પ્રાપ્ત થશે. સ્વયં વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પણ આઈસીએસ અધિકારીઓ વિશે સાશંક હતા. કેટલાક અગ્રણીઓ તો આવા અધિકારીઓને મળતા આર્થિક લાભની ચર્ચા કરીને વિરોધી સૂર વ્યક્ત કરતા હતા. સરદાર પટેલ આવી ચર્ચાથી અકળાયા અને ૧૦ ઑક્ટોબર ૧૯૪૯ના રોજ બંધારણ સભાની બેઠકમાં આ મુદ્દે વ્યથિત થઈને કહી બેઠા: 'અનંત સાયનમ આયંગાર જેવા આ ગૃહના વરિષ્ઠ અને જવાબદાર સભ્ય કે જે અસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર છે એમને સાંભળીને હું વ્યથા અનુભવું છું.' મહાવીર ત્યાગી, એચ. વી. કામથ, નઝીરુદ્દીન એહમદ, રોહિણીકુમાર ચૌધરી, આર.કે. સિધવા અને ડૉ. એસ.પી. દેશમુખનાં ભારતીય સેવાના અધિકારીઓ વિશેનાં વક્તવ્યો સાંભળ્યા પછી ગૃહમંત્રીએ બ્યૂરોક્રસી માટે જ નહીં, સમગ્ર વિશ્વમાં આદર્શ બ્યૂરોક્રસી અધિકારીઓમાંથી નવરચિત ઈન્ડિયન ઍડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ)ની પ્રથમ બેચની પસંદગીમાં 'ક્ષમતા અને અનુભવનો સુમેળ સાધીને' ઍપ્રિલ ૧૯૪૭માં દિલ્હી સ્થિત મેટકાફે હાઉસ ખાતે આઈએએસ તાલીમી શાળાની શરૂઆત કરાવી હતી. પ્રધાનમંડળની મંજૂરીથી સરદાર સાહેબે એ.ડી. ગોરવાલા જેવા નિષ્ઠાવંત આઈસીએસ અધિકારીના વડપણ હેઠળ સમિતિ નીમી હતી.

નાછૂટકે વિભાજનનો સ્વીકાર

બંધારણ સભામાં બ્રિટિશ ભારતનું વિભાજન પોતે ક્યા સંજોગોમાં સ્વીકાર્યું. એનું સહસ્યોદ્ઘાટન સરદાર પટેલે સૌ પ્રથમ વાર સનદી સેવાની ચર્ચા દરમિયાન જ કર્યું હતું. મોહમદ અલી ઝીણાને તો આખ્ખેઆખું પંજાબ અને આખ્ખું બંગાળ સાથેનું પાકિસ્તાન ખપતું હતું, પરંતુ અમે પંજાબ અને બંગાળનું વિભાજન કરવાની શરત મનાવીને ઝીણાને અસ્વીકાર્ય એવું અડધુંપડધું પાકિસ્તાન આપ્યાનું સરદારે સ્પષ્ટ કર્યું હતું. તેમણે કહ્યું: 'હું તમને આ અંદરના ઈતિહાસની વાત કહું છું જે